અપીલ અરજી નં.૨૦૬ તા.૮–૧૦–૦૮/૦૯

અરજદારઃ શાંતીબેન પ્રેમાભાઈ પટેલ
સામાવાળાઃકાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)

## હુકમઃ–

**વિષય :**–આર ટીઆઈ એકટ હેઠળ શાંતીબેન પ્રેમાભાઈ પટેલની તા.૨૫–૮–૦૮ અરજીથી બમરોલી ગામના બ્લોક નં.૧૭૭ ની ખેડખાતાની નવી શરતની જમીનમાં સુ.મ.પા. ઉધના ઝોન સુમારે ચારસો ઉપરાંત પ્લોટ પાડી વેચાણ થયેલા છે અને તે મહાનગરપાલિકાના દફતરે દાખલ થયેલા છે તે કેટલા પ્લોટ છે. કયારે પ્લોટ પાડવામાં આવેલ છે મંડળી બનાવી પ્લોટો દાખલ કરવાના હોય તે કાયદા આધારે કેટલા પ્લોટો પાડેલા છે. જે પ્લોટોની કોઈ બાંધકામની પરવાનગી આપી હોય મંજુર કરેલા પ્લોટોની નકલ તથા મંજુરીના હુકમની નકલ આપવા સારુ તથા પ્લોટોની નકલ ,નામોની યાદી સહીત આપવા બાબત.

સંદર્ભ :– અરજદાર મજકુરની તા.૩/૭–૧૦–'૦૮ ની અપીલ અરજી નં.૨૦૬/૨૦૦૮–૦૯

શાંતીબેન પ્રેમાભાઈ પટેલની તા.૨૫–૮–૦૮ અરજીથી બમરોલી ગામના બ્લોક નં.૧૭૭ ની ખેડખાતાની નવી શરતની જમીનમાં સુ.મ.પા. ઉધના ઝોન સુમારે ચારસો ઉપરાંત પ્લોટ પાડી વેચાણ થયેલા છે અને તે મહાનગરપાલિકાના દફતરે દાખલ થયેલા છે તે કેટલા પ્લોટ છે. કયારે પ્લોટ પાડવામાં આવેલ છે મંડળી બનાવી પ્લોટો દાખલ કરવાના હોય તે કાયદા આધારે કેટલા પ્લોટો પાડેલા છે. જે પ્લોટોની કોઈ બાંધકામની પરવાનગી આપી હોય મંજુર કરેલા પ્લોટોની નકલ તથા મંજુરીના હુકમની નકલ આપવા સારુ તથા પ્લોટોની નકલ ,નામોની યાદી સહીત આપવા બાબતે આપેલ માહિતી અધુરી અને અસંતોષકારક હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૩/૭–૧૦–૦૮ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૬૭૪ તા.૧૮–૧૦–૦૮ થી કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોનને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને તેઓ તરફથી એઆરઓ/ઉધનાઝોન/આ.નં.૧૦૩૭ તા.૧૯–૧૧–૦૮ થી અત્રેના વિભાગને માહિતી મળેલ છે.

અરજદારે તા.૨૫–૮–૦૮ ની મુળ અરજીમાં માંગેલ માહિતી બ્લોક નં.૧૭૭ બમરોલી ગામ ખેડખાતાની નવી શરતની જમીનમાં સુરત મહાનગરપાલિકા ઉધનાઝોન સુમારે ૪૦૦ ઉપરાંત પ્લોટ પાડી વેચાણ થયેલ છે અને તે મહાનગરપાલિકા દફતરે દાખલ થયેલ છે તથા પ્લોટોના કોઈ બાંધકામની પરવાનગી આપી હોય તો મંજુર કરેલ પ્લોટોની નકલ તથા મંજુરી હુકમ વિગેરે માહિતી માં ગવામાં આવેલ પરંતુ તે માહિતી સંદિગ્ધ અને અસ્પષ્ટ હોઈ સા.ઝોન/અકણ/૭૧૪ તા.૬–૯–૦૮ થી પત્ર પાઠવી સ્પષ્ટ વિગતો મંગાવવામાં આવેલ. જેના અનુસંધાને અરજદારે તા.૧૦–૯–૦૮ ના પત્રથી કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોનને સ્પષ્ટ વિગતો અંગેનો પત્ર આપવામાં આવેલ. જેના સંદર્ભે નં.સા.ઝોન/અકણ/૮૪૧ તા.૩૦–૯–૦૮ થી પ્લોટની સંખ્યા ૫૯૯ તથા દાખલ તા.૧–૪–૦૩ ની માહિતી આપી સાથે આપવામાં આવેલ જે અત્રે રજુ કરેલ છે. જેમાં અરજદારને ઈન્સ્પેકશન ફી ભરવા બાબતે જણાવેલ છે. ત્યાર બાદ અરજદારે ઈન્સ્પેકશનનો તેમનો હક જતો કરી કબ્જેદારોના નામોની યાદીની નકલોની જરૂરીયાત હોઈ તે અંગે ફી ભરવા તૈયારી દર્શાવતા પત્ર તથા પ્રતિનિધિને પૈસા ભરવા મોકલી આપીશ તેવું જણાવતો પત્ર તા.૮–૧૦–૦૮ ના રોજ કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારીને ઉધનાઝોનને આપવામાં આવેલ. જે દરમ્યાન અરજદારે તા.૮–૧૦–૦૮ ના રોજ અપીલ અરજી કરેલ છે. જેમાં જાહેર માહિતી અધિકારીના તા.૩૦–૯–૦૮ ના પત્ર સામે નારાજગી દર્શાવી દાખલ ૫૯૯ પ્લોટોની નંબર સહિતની નકલની માંગણીનો આગ્રહ રાખી તે અંગે ફી ભરવાની તૈયારી પણ દર્શાવેલ છે. દરમ્યાન જાહેર માહિતી અધિકારીના પત્ર નં.સા.ઝોન/અકણ/૯૨૬ તા.૧૭–૧૦–૦૮ થી અરજદારને ૭૩૬ પાના માટે રૂા.૧૪૭૨/– દસ્તાવેજ ફી ભરી માહિતી મેળવી લેવા જણાવેલ છે. જે પત્ર યુપીસીથી અરજદારને મોકલ્યાનું જણાયેલ છે.

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની તા.૨૫–૮–૦૮ અરજીથી માંગ્યા મુજબની માહિતી કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી તરફથી દસ્તાવેજ ફી ભરી મેળવી લેવા જણાવેલ છે. પરંતુ અરજદારે તે માહિતી મેળવેલ હોય તેવું જણાતું નથી. તેથી જાહેર માહિતીઅધિકારીએ જણાવ્યા મુજબ અરજદાર નિર્દિષ્ટ નિયત ફી ભરી માહિતી મેળવી શકે છે. માહિતી મેળવ્યા બાદ માહિતીબાબતે અરજદારને અસંતોષ હોય તો આરટીઆઈ એકટની નિયમ અને જોગવાઈ અનુસાર માહિતી મેળવ્યેથી દિન–૩૦ માં અપીલ અરજી કરી શકે છે.

નં. આરટીઆઈ સેલ/
તારીખ : –૧૧ –૦૮.

***ડે.કમિશ્નર(જનરલ),***
***અને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

***પ્રતિ***

(૨) શ્રી શાંતિબેન પ્રેમાભાઈ પટેલ,